RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 211 Date: 22.05.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# આપ પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ મારપીટ કેસ, પોલીસ બિભવને મુંબઈ લઈ ગઈ



નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી પોલીસ આમ આદમી પાર્ટી (આપ) રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર સીએમ હાઉસમાં મારપીટના કેસમાં આરોપી બિભવ કુમારને મુંબઈ લઈ ગઈ છે. પોલીસનું કહેવું છે કે આઈફોન ફોર્મેટ કરતા પહેલા બિભવે તેનો ડેટા મુંબઈમાં કોઈ વ્યક્તિ કે ડિવાઈસમાં ટ્રાન્સફર કર્યો હતો. એ જ ડેટા મેળવવાનો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સીએમ હાઉસમાં આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે મારપીટ કેસની તપાસ કરશે. પોલીસના જણાવ્યા અનુસાર, એસઆઈટીનું નેતૃત્વ નોર્થ દિલ્હીના ડીસીપી અંજિતા ચેપ્યાલા કરી રહ્યા છે. ટીમમાં ઈન્સ્પેક્ટર રેક્નના ૩ અધિકારીઓ પણ સામેલ છે. જેમાં સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનના અધિકારીનો પણ સમાવેશ થાય છે, જ્યાં કેસ નોંધવામાં આવ્યો હતો. તેની તપાસ કર્યા પછી, એસઆઈટી તેનો રિપોર્ટ સીનિયર્સને સોંપશે.૧૩ મેના રોજ બનેલી ઘટના વિશે જાણવા માટે દિલ્હી પોલીસ ૨૦ મેના રોજ બિભવ કુમારને સીએમ હાઉસ લઈ ગઈ હતી.પોલીસ ઘટનાસ્થળે દોઢ કલાક રોકાઈ હતી. પોલીસ લગભગ ૫.૪૫ વાગ્યે બિભવને સીએમ હાઉસમાં પહોંચી અને ૭.૨૬ વાગ્યે બહાર આવી. બિભવ કુમાર હાલ ૨૩ મે સુધી દિલ્હી પોલીસ રિમાન્ડ પર છે. ૧૮ મેના રોજ દિલ્હી પોલીસે બિભવની ૭ દિવસની કસ્ટડી માંગી હતી, પરંતુ તેને માત્ર ૫ દિવસના રિમાન્ડ આપ્યા હતા. બિભવ પર ૧૩ મેના રોજ સીએમ આવાસ પર સ્વાતિ સાથે ગેરવર્તન અને મારપીટ કરવાનો આરોપ છે.

આરોપી બિભવ અને પીડિત સ્વાતિ બંને સાથે સીન રિક્રિએશન કરવામાં આવ્યું છે. દિલ્હી પોલીસ ઘટના અંગે આ બંને પાસેથી મળેલા ઈનપુટનું એનાલિસિસ કરી રહી છે. પોલીસે તેમના તમામ પ્રશ્નોના જવાબો નોંધી લીધા છે. તેમનું મેપિંગ પણ કરવામાં આવ્યું છે અને જ્યાં સ્વાતિ પર હુમલો થયો હતો તે ક્રાઈમ સ્પોટની ફોટોગ્રાફી પણ કરવામાં આવી છે. દિલ્હી પોલીસ બિભવ કુમારના ઘરે પણ ગઈ હતી.

સ્વાતિ માલીવાલ મારપીટ કેસમાં ૧૯ મેના રોજ દિલ્હી પોલીસ સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચી હતી. જ્યાં સીસીટીવી ફૂટેજ અને ડીવીઆર કલેક્ટ કરવામાં આવ્યું હતું. સમાચાર એજન્સી એએનઆઈએ સૂત્રોને ટાંકીને કહ્યું કે પોલીસને સીસીટીવી સાથે ચેડા થયાની શંકા છે. પોલીસને ગુનાના ક્રમના યોગ્ય ફૂટેજ મળ્યા નથી. એક્સપર્ટ તેની તપાસ કરશે.

અહીં સોમવારે રાત્રે ૯.૪૯ કલાકે સ્વાતિ માલીવાલે ઠ પર પોસ્ટ કરી. જેમાં તેણે લખ્યું હતું કે, ×ગઈકાલથી દિલ્હીના મંત્રીઓ જૂઠ્ઠાણું ફેલાવી રહ્યા છે કે મારી સામે ભ્રષ્ટાચારની એફઆઈઆર કરવામાં આવી છે, તેથી મેં આ બધું ભાજપના ઈશારે કર્યું છે. આ એફઆઈઆર ૮ વર્ષ પહેલા ૨૦૧૬માં કરવામાં આવી હતી, ત્યારબાદ સીએમ અને એલજી બંનેએ મને વધુ બે વખત મહિલા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરી. આ કેસ સંપૂર્ણપણે ખોટો છે જેના પર હાઈકોર્ટે ૧.૫ વર્ષ માટે સ્ટે આપ્યો છે, જેણે સ્વીકાર્યું છે કે પૈસાની કોઈ લેવડદેવડ થઈ નથી.

સ્વાતિએ લખ્યું- જ્યાં સુધી મેં બિભવ કુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી, ત્યાં સુધી હું તેમના (આપ) અનુસાર લેડી સિંઘમ હતી અને આજે હું બીજેપીની એજન્ટ બની ગઈ છું. મારી સામે આખી ટ્રોલ સેના તહેનાત કરવામાં આવી હતી, કારણ કે મેં સાચું કહ્યું હતું. પાર્ટીમાં બધાને ફોન કરીને કહેવામાં આવી રહ્યું છે કે જો તમારી પાસે સ્વાતિનો કોઈ અંગત વીડિયો હોય તો તેને મોકલો, તે લીક કરવાનો છે.વધુમાં લખ્યું- મારા સંબંધીઓની ગાડીઓના નંબરથી તેમની વિગતો ટ્વીટ કરાવીને તેમનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે. અરે, ખોટુ લાંબું ટકતું નથી, પણ સત્તાના નશામાં કોઈને અપમાનિત કરવાનો જુસ્સો એવો ન હોવો જોઈએ કે સત્ય બહાર આવે ત્યારે તમે તમારા પોતાના પરિવારજનો સાથે પણ આંખ આડા કાન કરી શકતા નથી. તમારા (આપ) દ્વારા ફેલાવવામાં આવેલા દરેક જૂઠાણા માટે હું તમને કોર્ટમાં લઈ જઈશ.

રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર કથિત હુમલાના કેસમાં દિલ્હી પોલીસની કાર્યવાહી ચાલુ છે. પોલીસે આરોપી વિભવ કુમારને કસ્ટડીમાં લઈ આગળની તપાસ હાથ ધરી છે. બીજી તરફ બીજેપીએ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી પર પણ પ્રહારો કર્યા છે. ભાજપે કેજરીવાલ પર મોટા આરોપો લગાવ્યા છે અને કહ્યું છે કે મુખ્યમંત્રીએ ઘટનાના દિવસની મિનિટ-મિનિટ શેડ્યૂલ જાહેર કરવી જોઈએ.

## ટ્રોલિંગથી પરેશાન થઈ માતાએ આત્મહત્યા કરી: સાત મહિનાની બાળકી ખોળામાંથી પડી ગઈ હતી

ચેન્નાઈ,તા.૨૧

૨૮ એપ્રિલે સાત મહિનાની બાળકી માતાના ખોળામાંથી પડી ગઈ હતી. બાળકી ચોથા માળની ગેલેરીમાંથી પડી ગઈ અને પહેલા માળે શેડ પર ફસાઈ ગઈ હતી. સોશિયલ મીડિયા પર કંઈ પણ લખવાની આઝાદીનું કડવું સત્ય સામે આવ્યું છે. તમિલનાડુના ચેન્નાઈમાં એક મહિલા આઈટી પ્રોફેશનલે આત્મહત્યા કરી લીધી કારણ કે લોકો તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી રહ્યા હતા.

ખરેખરમાં, ૩૩ વર્ષીય વી. રામ્યા ગયા મહિને ૨૮ એપ્રિલના રોજ એપાર્ટમેન્ટના ચોથા માળની ગેલેરીમાં તેની સાત મહિનાની પુત્રીને સ્તનપાન કરાવી રહી હતી. આ દરમિયાન બાળકી તેના હાથમાંથી સરકીને નીચે પડી ગઈ હતી. બાળકી નીચે પડી જતા પહેલા માળે આવેલા શેડ પર ફસાઈ ગઈ હતી. આજુબાજુના લોકોએ ૧૫ મિનિટની મહેનત બાદ બાળકીને બચાવી લીધી હતી. આ દરમિયાન કોઈએ તેનો વીડિયો બનાવ્યો. વીડિયોમાં કેટલાક લોકો બિલ્ડીંગની નીચે ચાદર લઈને ઉભા હતા, જેથી બાળકીને નીચે પડતા ઈજા ન પહોંચે અને તેને થવાથી બચાવી શકાય.

એક વ્યક્તિએ પહેલા માળની બાલ્કનીની રેલિંગ પર ચઢીને બાળકીને બચાવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઘણા યુઝર્સે પાડોશીઓની પ્રશંસા કરી જેમણે બાળકીને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો.જોકે, આ ઘટના માટે બાળકીની માતાને જવાબદાર ઠેરવીને ઘણા લોકોએ તેને ટ્રોલ કરી હતી. સ્થાનિક ટીવી ચેનલોએ પણ તેને બેદરકાર માતા ગણાવી હતી. રામ્યા માટે આ જીવલેણ બની ગયું. રામ્યા ટ્રોલિંગથી ખૂબ જ પરેશાન થઈ ગઈ અને ડિપ્રેશનમાં આવી ગઈ હતી.આ ઘટના પછી, ઘટનાની સત્ય જાણ્યા વિના, લોકો ગુસ્સે થઈ ગયા અને બાળકીની માતાને ટ્રોલ કરી. બાળકને બચાવનારા લોકોએ માતા પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે આ માત્ર એક અકસ્માત હતો. માતાએ બાળકીનો ખૂબ સારી રીતે ઉછેર કર્યો હતો. આ ઘટના બાદ બાળકીની માતા તેના મામાના ઘરે ગઈ હતી. ઘટનાના માત્ર ૨૧ દિવસ બાદ તે તેના માતા-પિતાના ઘરે મૃત હાલતમાં મળી આવી હતી.

## પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથિએ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી



નવીદિલ્હી,તા.૨૧

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની આજે ૩૩મી પુણ્યતિથિ પ્રસંગે દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળ વીર ભૂમિની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી. આજે સવારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ સહિત ઘણા નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી.આ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના પુત્ર રાહુલ ગાંધી,કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી 'વીર ભૂમિ' પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની યાદમાં સમાધિ સ્થળ વીર ભૂમિ ખાતે પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસે તેના એક્સ હેન્ડલ પર લખ્યું, "શાંતિ, સંવાદિતા અને પ્રગતિના પ્રણેતા શ્રી રાજીવ ગાંધીને સલામ."વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. "આપણા પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીજીને તેમની પુણ્યતિથિ પર મારી શ્રદ્ધાંજલિ," પીએમએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું. રાજીવ ગાંધી ૧૯૮૪ થી ૧૯૮૯ દરમિયાન દેશના વડાપ્રધાન હતા. ૧૯૯૧ માં, તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમના સભ્યો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.

## પુણે હિટ એન્ડ રન કેસમાં પોલીસે સગીર આરોપીના પિતા અને પબ ઓપરેટરની ધરપકડ




પુણે,તા.૨૧

પુણે હિટ એન્ડ રન કેસમાં મોટી કાર્યવાહી કરતા પોલીસે સગીર આરોપીના પિતાની ધરપકડ કરી છે. આરોપીના પિતાની પોલીસે મહારાષ્ટ્રના સંભાજીનગર જિલ્લામાંથી ધરપકડ કરી છે. આ ઘટનામાં આરોપી સગીર લક્ઝરી કાર પોર્શ ચલાવતી વખતે બાઈક સવારને ટક્કર મારી હતી. જે બાદ આરોપીના પિતા બિલ્ડર વિશાલ અગ્રવાલની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે પોલીસે પબ ઓપરેટરની પણ ધરપકડ કરી છે. ગત શનિવારે રાત્રે પુણેમાં હિટ એન્ડ રનનો મામલો સામે આવ્યો હતો. આ સમય દરમિયાન, બિલ્ડર વિશાલ અગ્રવાલનો સગીર પુત્ર તેની લક્ઝરી કાર પોર્શ ચલાવી રહ્યો હતો ત્યારે તેને બાઈકને જોરથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બે લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આજે સવારે સંભાજીનગરની ક્રાઈમ બ્રાન્ચની ટીમે બિલ્ડરની ધરપકડ કરી છે.

આ અકસ્માતમાં મધ્યપ્રદેશની રહેવાસી અશ્વિની કોષ્ટા અને તેના મિત્રનું મોત થયું હતું. આ કેસમાં આરોપી સગીરને પોલીસે તેની ધરપકડના થોડા કલાકો બાદ જ છોડી દીધો હતો. આરોપીને મુક્ત કર્યા બાદ તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે સગીર આરોપીના પિતા બિલ્ડર વિશાલ અગ્રવાલની ધરપકડ કરી હતી.

પુણેમાં બે યુવાન એન્જિનિયરોના જીવ લેનાર બહુચર્ચિત પોર્શ કાર અકસ્માત કેસમાં પોલીસે સગીરના પિતાની ધરપકડ કરી છે. રવિવારે મધરાતે એક સગીરે તેના પિતાની લક્ઝરી પોર્શ કારથી બે લોકોને કચડી નાખ્યા હતા. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે આરોપી સગીરને ૧૫ કલાકની અંદર જામીન આપ્યા હતા. પરંતુ આ મામલો સોશિયલ મીડિયાથી મીડિયામાં ઉછળતાં પુણે પોલીસ એક્શનમાં આવી છે. હવે સગીરના બિલ્ડર પિતાને પણ આરોપી બનાવવામાં આવ્યા છે અને તેમની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પિતાની છત્રપતિ સંભાજીનગરમાંથી ધરપકડ કરી છે.

## ભૂપેન્દ્ર હુડ્ડા તેમનો પુત્ર ઈચ્છે છે પરંતુ દેશને મોદીની જરૂર છે,ભાજપ અધ્યક્ષ નડ્ડા

રોહતક,તા.૨૧

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા મંગળવારે રોહતક પહોંચ્યા અને બીજેપી ઉમેદવાર ડો.અરવિંદ શર્મા સાથે રોડ શો કર્યો. આ દરમિયાન જેપી નડ્ડાએ કહ્યું કે પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા તેમનો પુત્ર ઈચ્છે છે, જ્યારે રોહતકના લોકો ત્રીજી વખત મોદી સરકાર ઈચ્છે છે.

નડ્ડાએ રોહતકના પાવર હાઉસ ચોકથી આંબેડકર ચોક સુધી બીજેપી ઉમેદવાર અરવિંદ શર્મા માટે રોડ શો કર્યો હતો. સવારે લગભગ ૧૦.૪૭ વાગે નડ્ડા પાવર હાઉસ ચોક પહોંચ્યા અને રથમાં સવાર થયા. કાર્યકરોએ તેમનું ફૂલ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. કાળઝાળ ગરમી વચ્ચે રોડ શો મેડિકલ ટર્ન તરફ આગળ વધ્યો હતો. ગરમી હોવા છતાં કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મહિલા કાર્યકર કેસરી સાડીમાં જોવા મળી હતી.

## ભગવાન જગન્નાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભક્ત છે : સંબિત પાત્રા

ભુવનેશ્વર,તા.૨૧

ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સંબિત પાત્રા ભગવાન જગન્નાથ પર નિવેદન આપીને વિવાદમાં ફસાયા છે. સોમવારે (૨૦ મે) એક મીડિયા ચેનલ સાથે વાત કરતા સંબિત પાત્રાએ કહ્યું કે ભગવાન જગન્નાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભક્ત છે. સંબિત પાત્રાનું આ નિવેદન ત્યારે આવ્યું હતું જ્યારે પીએમ મોદી પોતે તેમના સમર્થનમાં રોડ શો કરવા પુરી પહોંચ્યા હતા. ગઈકાલે ઓડિશામાં ૫ લોકસભા અને ૩૫ વિધાનસભા બેઠકો પર પણ ચૂંટણી યોજાઈ હતી. પુરી લોકસભા સીટ માટે છઠ્ઠા તબક્કામાં એટલે કે ૨૫ મેના રોજ મતદાન થશે.

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સહિત ઘણા મોટા નેતાઓએ સંબિત પાત્રાના નિવેદનની ટીકા કરી હતી. આ પછી તેણે માફી માંગવી પડી હતી. તેમણે તેનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર રિલીઝ કર્યો છે હું જગન્નાથજીનાં ચરણોમાં માથું નમાવીને માફી માંગું છું. હું પસ્તાવો કરવા અને મારી ભૂલ સુધારવા માટે આગામી ૩ દિવસ ઉપવાસ કરીશ.

આ પહેલાં નવીન પટનાયકને લખેલી અન્ય પોસ્ટમાં પાત્રાએ કહ્યું હતું - આજે પુરીમાં પીએમ મોદીના રોડ શોની સફળતા બાદ મેં ઘણી મીડિયા ચેનલોને નિવેદન આપ્યું હતું. દરેક જગ્યાએ મેં કહ્યું કે મોદીજી મહાપ્રભુ જગન્નાથના ભક્ત છે. એક સમયે મેં આકસ્મિક રીતે ઊલટું બોલી ગયો. આપણા બધાની ક્યારેક ક્યારેક જીભ લપસી જાય છે. તેને મુદ્દો ન બનાવો.સંબિત પાત્રાના નિવેદન અંગે સીએમ નવીન પટનાયકે સોશિયલ મીડિયા પર લખ્યું- મહાપ્રભુ શ્રી જગન્નાથ બ્રહ્માંડના ભગવાન છે. મહાપ્રભુને કોઈપણ મનુષ્યનો ભક્ત કહેવો એ ઈશ્વરનું અપમાન છે. તેનાથી વિશ્વભરના કરોડો જગન્નાથ ભક્તો અને ઉડિયા લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. ભગવાન જગન્નાથ ઓડિયા ઓળખનું સૌથી મોટું પ્રતીક છે. ભાજપના નેતાએ ઓડિયાની ઓળખને ઠેસ પહોંચાડી છે. રાજ્યની જનતા આને યાદ રાખશે.

## યુએઈમાં હિંદુ મંદિર બને તે માટે પીએમ મોદીની વિદેશનીતિએ પણ મોટો ભાગ ભજવ્યો છે,ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,તા.૨૧

અબુ ધાબીમાં પ્રથમ હિન્દુ મંદિર સ્થાપવામાં મહત્વની ભૂમિકા બદલ બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્મવિહારી સ્વામીને ખ્યાતનામ હસ્તીઓ વચ્ચે સન્માનવામાં આવ્યા. અમદાવાદમાં યોજાયેલા 'મિલેનિયમ મિરેકલ' કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બ્રહ્મવિહારી સ્વામીને સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે અબુધાબીમાં મંદિર બને તેની પાછળ પીએમ નરેન્દ્ર મોદીની વિદેશનીતિ પણ ખૂબ સહયોગી બની છે. દરેક દેશ આજે એક વિશ્વમિત્ર તરીકે ભારત દેશ સાથે આગળ વધવા માગે છે. પીએમ મોદીની વિદેશનીતિ પણ એવી છે કે દરેક દેશ ભારત સાથેના સંબંધો ખૂબ સારા રાખી આગળ વધવા માગે છે અને ભારત એવી રીતે આગળ વધવા માગે છે કે એ લોકોએ મુકેલો વિશ્વાસ ક્યાંય ન તૂટે, તેના માટે હરહંમેશ પીએમ મોદીએ પ્રયત્ન કર્યો. એ પણ આની અંદર ઘણો મોટો રોલ છે.સંતોના સાનિધ્ય અને સ્વામિનારાયણ સંપ્રદાય વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સંતો અને ગુરુઓનું સાનિધ્ય ધ્યેયપ્રાપ્તિ સરળ બનાવે છે અને આપણને એક સારા માનવી બનાવે છે. આપના દેશમાં પ્રાચીન સમયથી ગુરુ પરંપરા અને સંસ્કૃતિ રહેલી છે. પ્રમુખ સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા સંતોનું સાનિધ્ય અને માર્ગદર્શન વર્ષોથી આપણા સમાજ અને રાષ્ટ્રને મળ્યું છે. અબુધાબીમાં આ ભવ્યાતિભવ્ય મંદિરની સ્થાપના કરીને આદરણીય બ્રહ્મવિહારી સ્વામીએ પણ આ જ રીતે વિશ્વ શાંતિ અને 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને સાર્થક કરવાની દિશામાં મહત્વનું કાર્ય કર્યું છે.

## *આજનો વિચાર*

આ યાદશક્તિ નું પણ ગજબ નું છે વહાલા
કોઈ કહે તો યાદ ન રહે, અને કોઈક કંઈક કહી
જાય તો એ ક્યારેય ભુલાતું નથી.

- MANNISH *( MINTOO )*

# લોકસભાની ચૂંટણી પછી નવી સરકારમાં કયા કયા મંત્રાલયો હશે?જાણવા આ લેખ જરૂર વાંચો!

ચૂંટણીના ચક્રો થંભી ગયા છે. ચૂંટણીના હાકલા-પડકારા , દેકારા, શોરબકોર તોફાનની જેમ શાંત થયા છે. નેતા-કાર્યકરો ચૂંટણીનો થાક ઉતારવા ચિલ્ડ બિયર અને હોટ શબાબની મોજ માણવા હિલ સ્ટેશન પર કીડીયારાની જેમ ઊભરાયા છે. ચૂંટણીમાં ચૂંટાનારા ચૂંટાઇ ગયા છે. અપેક્ષા ન હતી તેવી ખીચડી ગઠબંધન સરકાર રચાઇ ગઇ છે. કોને મંત્રીપદ મળશે, કોને કયું મંત્રાલય મળશે તેની ઉત્સુકતા વધતી જાય છે.ચૂંટણી દરમિયાન એકબીજાને ભાંડનારા નેતાઓ ચૂંટાયેલા સાંસદોને બુકે, ગિફ્ટ, ગોલ્ડ કોઇન આપી રહ્યા છે. એકમેકની પ્રસંશાના પુલ બાંધી રહ્યા છે. જે સાલ્લા તૂટતા પણ નથી. ચોમેર મંગલ મંગલનું મહિમાગાન ગવાઇ રહ્યું છે. ગરીબ, બેરોજગાર, ખેડૂત,મજૂર , મધ્યમવર્ગ સિવાય બધા ફિલ ગુડ ફિલ કરી રહ્યા છે. માનો કે રિયલ રામરાજયનું નિર્માણ થયું!

તમને નવી સરકારમાં કયા કયા મંત્રાલયો હશે તે જાણવાની અનહદ ઉત્સુકતા હશે. નવી સરકારમાં રાજસ્વ મંત્રાલય, ભૂતલ પરિવહન મંત્રાલય, નદી મંત્રાલય, નાણા મંત્રાલય, ગૃહ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય જેવા રેગ્યુલર મંત્રાલય હશે. તદ્દુપરાંત કયાં મંત્રાલય હશે તે જાણવા માટે થોડા સબૂર કરો. દિલ થામ કે બેઠો મેરે હજૂર. લો પેશે ખિદમત હૈપપ.

પદનામિત નવી સરકારે કેટલાક નવા મંત્રાલયોની રચના કરશે તેવી સંભાવના છે. લો ,નૂતન મંત્રાલયના નામની યાદી અને તેની સૂચિત કામગીરીની ઝલક !

બફેલો સિઝિંગ મંત્રાલય- દેશમાં ૧૪૨ કરોડ પશુ,સોરી વસ્તી સામે કેટલા લોકો ભેંસ પાળે છે, કેટલા પાસે ભેંસ છે, કેટલી ભેંસ છે, કેટલી ભેંસ વસૂકી ગયેલી છે ,કેટલી દૂધાળી ભેંસ છે વગેરે બાબતોનો ઉપરછલ્લો સર્વે કરાશે. આમાં દસ વરસ તો કાઢી નાંખવામાં આવશે!હિન્દુઓની ભેંસોનું મુસ્લિમોને પૂંછડાંતરણ ( હસ્તાંતરણ હોય તો પછી પશુનો માલિકી હક્ક પૂંછડાતરણ મારફત જ તબદીલ કરી શકાય ને?) કરવું. તેનું સમયબધ્ધ આયોજન કરવું . ભૂલેચૂકે કોઇની ઘરવાળીની ગણતરી ભેંસમાં કરવી નહી. જેમને એકની એક ભેંસ હોય તેની એક ભેંસ પણ મુસ્લિમસાત કરવી કે નહી તે માટે સુપ્રિમ કોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં પંચની રચના કરવામાં આવશે. પંચ અભ્યાસ કર્યા બાદ અહેવાલ આપશે તેના આધારે આગળની ભેંસનીતિ નક્કી કરવામાં આવશે. ત્યાં સુધી ભેંસના માલિકે ભેંસનું દૂધ સરકારી તિજોરીમાં ઓનલાઇન જમા કપાવવાનું રહેશે. જો કે, ચારાનો ખર્ચ ભેસમાલિકે ભોગવવાનો રહેશે. આ નિર્ણય અદાલતોના ક્ષેત્રાધિકાર બહારનો રહેશે. જો ભેંસ મુસ્લિમસાત કરવામાં ન આવે તો ભેંસના માલિકે ભેંસની કિંમત સાચર કમિટીમાં જમા કરાવવાના રહેશે!

મિટ માછલી ભડકાઉ મંત્રાલય- આ મંત્રાલય કયા નેતા માછલી , મટન, બીફ ખાય છે, નવરાત્રી જેવા તહેવારોમાં નોનવેજ ખાઇને સનાતન ધર્મને ભ્રષ્ટ કરી રહ્યા છે, નાસ્તિક છે તેની વિગતો ખોદ્યો ડુંગરને કાઢ્યો ઉંદર સ્ટાઇલથી કાઢવામાં આવશે. સનાતન વિરોધીને રોરવ નર્કમાં પણ જગ્યા મળશે નહી્ તેવો હકારાત્મક ,શાંત, સૌમ્ય પ્રચાર કરશે.

મંગળસૂત્ર સ્નેચિંગ મંત્રાલય- આ મંત્રાલય ગૃહ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, નાણા મંત્રાલય કરતા પણ ખાસમખાસ હશે. પ્રધાનમંત્રી પછી આ મંત્રાલયનો મંત્રી નંબર ટુ મંત્રી ગણાશે. આ મંત્રાલય દેશમાંા કેટલી મહિલા મંગળસૂત્ર પહેરે છે, મંગળસૂત્ર સોનાનું છે બગસરા ગોલ્ડનું છે, મહિલા બહાર નીકળે ત્યારે મંગળસૂત્ર સાડી કે દુપટ્ટા નીચે કવર કરે છે કે કેમ? વગેરેના બિલોરી કાચ લઈને અભ્યાસ કરશે. તમામ હિન્દુ મહિલાના મંગળસૂત્ર અનાક્રમક રીતે આંચકી લઇને મુસ્લિમોને આપશે. મુસ્લિમ બાનુ મંગળસૂત્ર ધારણ કરશે કે કેમ તે વિશે કોઇને સવાલ પૂછવા દેવામાં આવશે નહીં. જે મહિલાઓએ લગ્ન કર્યા નથી, મૈત્રી કરાર કે લીવ ઇન રિલેશનશીપમાં હોય અને મંગળસૂત્ર ધારણ ન કરતી હોય તેવી મહિલા પાસેથી મંગળસૂત્રની કિંમત જેટલી રોકડ રકમ કે સોનું લેવામાં આવશે. આ બાબતે કોઇ વાંધોતકરાર ધ્યાને લેવામાં આવશે નહીં!રસ્તે જતી મહિલાની ચેઇન બાઇકસવાર દ્વારા સફળતાપૂર્વક ખેંચવામાં આવે તો આ હેતુસર આવા કિસ્સા તેને ધ્યાનમાં લેવામાં આવશે!

આ સિવાય વાગવિષવમન મંત્રાલય,લોકાર્પણ મંત્રાલય, રોડ શો મંત્રાલય , વસ્ત્રો પરિવર્તન મંત્રાલય, ઘટક પક્ષોને દગો દેવાના મંત્રાલય, ઠગબંધન મંત્રાલય, પકોડા રોજગાર મંત્રાલય , નાલીગેસ ચા ઉત્પાદન મંત્રાલય, ગોબેલ્સ મંત્રાલય,વિરોધી પર સરકારી એજન્સી છોડવાનું મંત્રાલય, ગાલિપ્રદાન મંત્રાલય, હોઠ સીવવાનું મંત્રાલય, સેવૈયા મંત્રાલય,મૌન મંત્રાલય, માફી મંત્રાલય,અસત્ય પ્રવચન મંત્રાલય, એહમેવએકો મંત્રાલય વગેરે મંત્રાલયોની રચવાની બાબત સક્રિય પાઇપલાઇનમાં છે.

વાંચકો એ લેખકોકા પરિવાર ગણાયને? તમે પણ નવા મંત્રાલયના સૂચનો અમને મોકલી આપજો.મોકલી આપશોને ?

ભરત વૈષ્ણવ

## તંત્રી લેખ......

## લોકસભા ચૂંટણીના પૂરા થતા તબકકા સામે બેઠકોના ચર્ચાતા વર્તારા

લોકસભાની ચૂંટણીના એક પછી એક તબક્કાઓ પૂરા થતા જાય છે અને પરિણામની તારીખ ૪ જૂન, ૨૦૨૪ નજદીક આવતી જાય છે. શૅરબજાર પણ મોટી ગોથ મારી ગઈ છે કારણ કે એને સત્તાપલટાનો ડર લાગે છે. હમણા હમણાં કમોસમી વરસાદે જોર માર્યું છે. છેક સાઉદી અરેબિયા અને દુબઈના રણથી માંડી સંતરામપુર કે સિદ્ધપુર સુધી ગમે ત્યાં એ દોડી આવે છે. બરફવાળાની આ સિઝનમાં એ પણ ક્યાંક કરા વરસાવી રહ્યો છે. આજકાલ બધે જ થોડોઘણો પણ રાજનીતિમાં રસ લેતા હોય તે એકબીજાને મળે કે ચાની લારીએ ભેગા થાય એટલે આગાહી કરે, કેટલી સીટ આવશે ? કઈ સીટ આવશે ? અને દરેક પોતાનો મત પ્રદર્શિત કરે. એમાંના ઘણા બધાને ટીવી માધ્યમો ઉપર વિશ્વાસ રહ્યો નથી એટલે ક્યાંકથી સટ્ટાબજારનો આંકડો ટાંકે છે. આ બધા જ વર્તારો કરવાવાળાઓ જે ગુજરાતમાં કે અન્યત્ર ભાજપ કેટલી સીટો ગુમાવશે તેની ચર્ચા કરતા હોય તે બધા જેતે પક્ષના એજન્ટ છે કે પછી રાજકારણનો ’ર’ નથી જાણતા. ભાજપની તાકાત સમજીએ. ભાજપ પાસે ચાર ’મ’ છે. પહેલું મની (પૈસા). બીજું એમ- મેન (બહેનો સમેત કાર્યકરોના ધાડેધાડાં. જો કે આ વખતે નિરાશ હતા) ત્રીજું એમ- ભાજપના સાચા કાર્યકરો, ઈલેક્શન કમિશન સુધી સરકારી તંત્રી અને ચોથું એમ - મશીન એટલે કે ઈવીએમ. તો, સામે ભાજપની નબળાઈઓમાં નિરાશ કાર્યકર. કારણ કે કૉંગ્રેસમાંથી જ આવેલા પોંખાય છે. હવે અર્જુનભાઈ અને સી. જે. ચાવડા માટે ખુરશી ખાલી કરવી પડશે. કોનો ભોગ લેવાશે કે કોનું મલાઈદાર ખાતું છિનવાશે એ તો ઉપરવાળો એટલે કે દિલ્હીવાળો જાણે.

ગુજરાતના આપણા મુખ્યમંત્રી રામની પાદૂકા જેમ ભરત સંભાળતા હતા તેમ પાદુકા સંભાળી રાજ કરે છે તેવી અનેક વાતો સોશિયલ મીડિયામાં ગંભીરતાથી લખાઈ રહી છે. આ વખતે જનતા નિરાશ દેખાય છે. આ વખતે ભક્તોની સંખ્યામાં પણ સારોએવો ઘટાડો થયો હતો એટલે કોઈ એને રોકવા અને ટોકવાવાળું પણ નહોતું. રામમંદિરનો મુદ્દો ન ચાલ્યો, આપત્તિઓ આવી. સનાતન ધર્મના સર્વેસર્વા પૂજનીય ચારે શંકરાચાર્યજીઓએ ભેગા થઈને કહ્યું હતું કે, ’અધૂરા મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરવી શાસ્ત્રસંગત નથી પણ હિન્દુધર્મમાં સનાતન ધર્મનો સમાવેશ નહીં થતો હોય તે શંકરાચાર્યજીની વાત કોઈએ સાંભળી નહીં.

# આચાર્યશ્રી લોકેશે પ્રથમ સ્વદેશી માર્શલ આર્ટ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યું.




સરિત સરક ફેડરેશન ઓફ ઈન્ડિયાના નેજા હેઠળ સરિત સરક એસોસિએશન દિલ્હી દ્વારા આયોજિત પ્રથમ સ્વદેશી માર્શલ આર્ટ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્યશ્રી લોકેશ દ્વારા હિન્દુ મહાસભા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્પર્ધાના અધ્યક્ષ ડો.ભક્ત કુમાર, શ્રી સોહન ગીરી અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધાનું ઉદ્ઘાટન કરતી વખતે વિશ્વ શાંતિ દૂત આચાર્યશ્રી લોકેશે જણાવ્યું હતું કે સ્વદેશી માર્શલ આર્ટ બાળકોના સર્વાંગી વિકાસમાં ખૂબ મદદરૂપ થાય છે. કિશોરાવસ્થા દરમિયાન, રમતગમત દ્વારા, બાળકો તેમના સ્નાયુઓની કસરત કરે છે, તેમના મગજનો વિકાસ કરે છે, શાંતિ અને સંવાદિતાનું વાતાવરણ બનાવે છે અને અન્ય બાળકો સાથે જીવવાનું શીખે છે. રમત દ્વારા, બાળકો પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા, સંકલન, તેમના વળાંકની રાહ જોવી, ધીરજ વગેરે વિકસાવે છે. સરિત સરક જેવી ઘણી ભારતીય રમતોને વર્તમાન સમયમાં પ્રોત્સાહન અને રક્ષણ મળી રહ્યું છે. તેમણે કહ્યું કે અમને આશા છે કે મણિપુરમાં શાંતિનો માહોલ રહેશે.

સરિત સરક ફેડરેશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ ડો.ભક્ત કુમારે જણાવ્યું હતું કે સરિત સરક એ સ્વદેશી માર્શલ આર્ટનો એક પ્રકાર છે. દિલ્હીમાં આયોજિત પ્રથમ સરિત સરક સ્પર્ધામાં ભારતના ૨૦ રાજયો જેવા કે કેરળ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્હી, જમ્મુ કાશ્મીર, આસામ વગેરેના બાળકો ભાગ લઈ રહ્યા છે.સરિત સાર્ક ફેડરેશન ઓફ ઈન્ડિયાના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સોહન ગિરીએ જણાવ્યું હતું કે સ્વદેશી માર્શલ આર્ટને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળવી જોઈએ અને જો તે ‘ખેલો ભારત‘નો ભાગ બનશે તો સ્વદેશી માર્શલ આર્ટને નવી ઓળખ મળશે.

રામાયણ રિસર્ચ ફાઉન્ડેશનના વડા શ્રી જય ભગવાન ગોયલ અને સુશાંત જીએ જણાવ્યું હતું કે સરિત સરક જેવી સ્વદેશી માર્શલ આર્ટની તાલીમને શાળાઓના અભ્યાસક્રમમાં સામેલ કરવી જોઈએ. આ પ્રકારની તાલીમથી એક તરફ શારીરિક વિકાસ થાય છે તો બીજી તરફ બાળકો સ્વરક્ષણ માટે પણ સક્ષમ બને છે.

આ પ્રસંગે સાધ્વી નિરંજનાજી, હિન્દુ મહાસભાના શ્રી મુન્ના લાલ શર્માએ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. ઉદ્ઘાટન પછી, આચાર્યશ્રીની સાથે મહેમાનો, આયોજકો અને સહભાગીઓએ એક અવાજમાં વંદે માતરમના નારા લગાવ્યા. બાળકોએ સરિત સરકના વિવિધ આયામો દર્શાવ્યા હતા. શ્રી સોહન ગીરી સાથે આયોજકોએ મહેમાનોનું સન્માન કર્યું અને વિવિધ રાજ્યોમાંથી આવેલા બાળકોનું સ્વાગત કર્યું.

# અમદાવાદના જગતપુર - ગોતા ખાતે સિનર્જી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો પ્રારંભ..



વિકસતા જતા અમદાવાદ શહેરની સાથે ગોતા જગતપુર વિસ્તારમાં નગરજનોને હેલ્થ કેર ફેસેલીટી મળી તે માટે વિષ્ણુધારા ગાર્ડન્સ ખાતે સિનર્જી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની આરોગ્ય સેવા શરૂ કરવામાં આવી છે ,સિનર્જી હોસ્પિટલના સ્થાપકોમાં ડોક્ટર જય સી મહેતા અને ડોક્ટર રચિત શેઠ છે. સિનર્જી હોસ્પિટલના ઓર્થોપેડિક ટ્રોમા કન્સલ્ટન્ટ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડોક્ટર રચિત શેઠે જણાવ્યું હતું કે, આ ૨૫ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રીમિયમ અને હાઈ ક્વોલિટી ડીલક્ષ ,સ્પેશિયલ અને શેરિંગ રૂમ ની ફેસીલીટી ધરાવતી હોસ્પિટલ છે . સિનર્જી હોસ્પિટલ ખાતે બે મોડ્યુલર ક્લાસ ૧૦૦ ઓપરેશન થિયેટર વર્લ્ડ ક્લાસ ઈક્વિપમેન્ટ સાથે છે. આ ઉપરાંત ૨૪/૭ ફાર્મસી, રેડિયોલોજી અને પેથોલોજી ડિપાર્ટમેન્ટ સાથે ૨૪/૭ ઈમરજન્સી કેર સુવિધા પણ સિનર્જી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે, સિનર્જી હોસ્પિટલ ખાતે નિષ્ણાંત તબીબોની સેવા જેમાં કન્સલ્ટન્ટ ફિઝિશિયન ઈન્ટરવેશનલ પેઈન ફિઝિશિયન, જનરલ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન, ૈફ્લ, ડેન્ટિસ્ટ અને ઈમ્પ્લાન્ટ સર્જરી સેવાઓ તથા ગાયનેક તબીબ ની ખાસ સેવા મળશે.

શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા પ્રાતઃ સ્મરણિય સંત શ્રી પુનિત મહારાજની ૧૧૬મી જન્મજયંતિ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંલગ્ન થેલેસેમિયાના દર્દીઓ ના લાભાર્થે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમા વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના યુવાનો તેમજ પુનિતપ્રેમી સત્સંગીઓ એ ૨૧ યુનિટ રક્તદાન કર્યું




## મારી દેશે

સજ્જનતાથી મારી દેશે

તરણું લઈને તારી દેશે

નરાતાળ જે ખોટું બોલે

સાચૂં આંસુ સારી દેશે

જિગર જાનીની ભાઈબંધી

બિસ્કીટ કેવળ ખારી દેશે

ફટાક કરતું તાળું તૂટે

તૂટે બારણું બારી દેશે

નહીં ઉપાડે એ હથિયાર

એક જ ઘાવ ઘારી દેશે

હરીશ દાસાણી. (મુંબઈ)

## તારી યાદો

જ્યારે એ મારા સાથે હતી
હાથો માં હાથ ને આંખોમાં આંખો હતી..

જ્યારે એ મારા સાથે હતી..
ને વળી ચાંદની ચાંદની રાતો હતી...

એ રાતોમાં મીઠી મીઠી એની વાતો હતી
જ્યારે એ મારા સાથે હતી...

પળો હળવાશની હતી...
કેટલીક નખરાળી એની યાદો હતી...

એ યાદો આજે પણ મારા દિલમાં તાજી હતી...
રાજ રાજવણની અમારી એ જોડી હતી...

આતો ગઈ કાલની વાતો હતી......
હા.....આતો સમય સમયની વાતો હતી...

હવે સૌ ભુલાઈ ગયું છે...હવે સૌ વિસરાઈ ગયું છે.
હવે આ બધી વાતો મારા માટે માત્ર યાદો હતી..

ઈઅકીબ સૈયદ???

## ગઝલ

શૂન્યતાના નગરનો.

આ કેવો પ્રવાસ છે, શૂન્યતાના નગરનો
ને કેવો પ્રભાવ છે, શૂન્યતાના નગરનો

શ્વાસો શ્વાસમાં સતત આવ જા રહેતી તેની
આ કેવો લગાવ છે, શૂન્યતાના નગરનો

માંગે છે પ્રમાણ, માણસ થયાનું અહીંયા
આ કેવો લિબાસ છે, શૂન્યતાના નગરનો

વળગણ છે, લગાવ છે પ્રેમ છે આ નગરનો
છૂટે તો અભાવ છે, શૂન્યતાના નગરનો

ચુનંદા હતા બધા સાથી તો કેમ હાર્યા?
અઘરો આ સવાલ છે, શૂન્યતાના નગરનો

માણસમાં મળી ગયું, એક શબ લાગણીનું
આ કેવો મઝાર છે, શૂન્યતાના નગરનો

સલીમ દેખૈયા

## કાળી કરે છે

મેશ આંજીને આંખ કાળી કરે છે,

રોજ લટકાળી હોઠ વાળી કરે છે.

રાતનો ખાલીપો સહીને રડે છે,

નિત્યક્રમ મુજબ રાત લાળી કરે છે.

રોજ નિઃસાસો મુક્ત એકાંત માણે,

હાશ!, બિચારો જીવ બાળી કરે છે.

કાન આમળ-આમળ કરી કાન પાક્યા,

આંધળું-બ્હેરું ખાસ ટાળી કરે છે.

ને ઘણાંએ પંચાતિયો નામ આપ્યું,

પાદરે વડલો જોઈ પાળી કરે છે.

અનિલ દવે. ("અનુ") (અમદાવાદ)

( રાગ : ઊભી ઊભી ઉગમણે...)

રૂપમતી જુએ અંબરતણે દ્વાર ,
જોબન ઉછળ્યા અંગડે રે લોલ .....(૧).

અલબેલો દીઠો છે નમણે નેણ ,
શમણાં ઉરે ઉભર્યા રે લોલ.....(૨).

આંખ્યુંમાં છે અમરત ભરેલાં જામ રે ,
સાહ્યબો આવે , પીરસું રે લોલ.....(૩).

ઊભી ઊભી જુવે સાહ્યબા કેરી વાટ રે ,
રૂદિયામાં વાલમ પ્રિતડી રે લોલ.....(૪).

હૈયાંમાં છે નિત નવા ઘણાં કોડ રે ,
કાળજડાં કોણ વાંચશે રે લોલ.....(૫).

" ધરમ " એનાં વિધિતણાં ઘણાં લેખ ,
ઋણાનુબંધ કેમ મુલવુ રે લોલ.....(૬).

ધર્મેન્દ્ર એમ. ઓઝા.( મુંબઈ .)

## ગઝલ

શબ્દ ભીના હોય છે,
એ જ લીલા હોય છે.

ચંદ્ર રોટી હોય છે,
રંક ખાતા હોય છે

આ નગરના લોક પણ,
કેમ સૂકા હોય છે?

ધોળા કાગળમાં કવિ,
શું એ લખતા હોય છે?

તું નથી બસ એટલે,
સૂર્ય કાળા હોય છે.

ફૂલ આપ્યું એટલે,
હાથે કાંટા હોય છે.

શબ્દતામાં રંગ છે,
અર્થ જુદા હોય છે.

"આબાદ"પાલનપુરી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




## ગ્રીષ્મા પંડ્યા,ધનજીભાઈ ગઢીયા,એન.કે.ત્રિવેદી,છાયા શાહ,રેખા નાકરાણી, પાલજીભાઈ રાઠોડ...ની રચનાઓ

**NOGSS NO : 161**
વિષય : મારી સહેલગાહ
શિર્ષકઃ અલભ્ય દ્રશ્ય
પ્રકારઃ નિબંધ શબ્દોઃ ૩૩૧

હું ગયા વર્ષે મારી દીકરીને ત્યાં અમેરિકા, મૅરીલેન્ડ હતી. વિઝીટર વિઝા હોવાથી છ મહિના હું દીકરીને ત્યાં જ રોકાવાની હતી. સર્વાનુમતે એક પ્રવાસનું આયોજન થયું. હું, દીકરી,જમાઈ અને મારી નાનકડી પૌત્રી. બધા જ તૈયારીઓમાં લાગી ગયા.

નવેમ્બર માસ, ઠંડીથી પણ રક્ષણ મેળવવાનું હતું અને ફરવાનું પણ હતું. જોડે જવાનો ઉત્સાહ પણ અનેરો હતો. નાનકડી ૪ વર્ષની દીકરીની જરુરિયાતનો પણ ખ્યાલ રાખવાનો હતો. જરુરી કપડાં, પાસપોર્ટ, ટીકીટો બધું યાદ રાખીને સાથે લઈ લીધું.

અમેરિકાના મ્ઁઉ એરપોર્ટથી કેલીફોર્નીયાના જીત્તઝ એરપોર્ટ સુધીની સફરનો હવાઈ યાત્રાનો અનુભવ પણ અદ્ભુત હતો. સમયસર લેન્ડિંગ હતું. સબંધીની કાર એરપોર્ટ પર લેવા આવી ગઈ. ખૂબ જ ભાવભીના આદરસત્કાર સહ અમારો આવકારો હતો. ઘેર પહોંચીને ફ્રેશ થઈને બીજા દિવસે પેસિફિક મહાસાગર જવાનું યોજાયું. એક અદ્ભુત લાગણીનું લખલખું મારા હૈયાનાં પ્રત્યેક સ્પંદનને ડોલાવતુ હતું. સ્વપ્નમાં આવતી અગાધ જળરાશી આજે નજર સમક્ષ હિલોળા લઈ રહી હતી. અસંખ્ય તરતી નાની મોટી બોટ જળરાશીમાં વિહરતી હતી. આસપાસનું આહલાદક વાતાવરણ જોઈને હ્દયની ઊર્મિઓ પણ લાગણીઓના વહેણ સાથે તણાતી હતી જાણે!

એક મોટી બૉટમા ગોઠવાઈ ગયા પછી તો જાણે કે આખી દુનિયા જ મારી બદલાઈ ગઈ. ક્ષિતિજને પેલે પાર, અપલક નેત્રે બસ નિહાળતી જ રહી હું તો! બૉટ મંથરગતિએ ચાલતી થઈ. આ ધરતી પર ગણાતો વિશાળ મહાસાગર, પેસિફિક મહાસાગર પર આજની સફર માટે મારું મન નિઃશબ્દ બની ગયું. ધીમે ધીમે બૉટ ગતિમાન બનતી જતી હતી. ગાર્ડની તકેદારી સાથે મળતી સૂચના અનુસાર જળમાં ડૂબકી મારતી સીલમાછલી જોઈ.

હવે મધદરિયે બૉટ આવી પહોંચી હતી. દરિયાનાં અસ્ખલિત મોજાં ઘણીવાર તો એટલાં ઊંચા જતા હતા કે અમારી બૉટ પણ આખી એ મોજાની અંદર થઈને પસાર થતી હતી. લાઈફજૅકેટ બધાના શરીર પર શોભતાં હતાં. અને ત્યાં જ એક મહાકાય વ્હેલ માછલી અમારી જ બૉટની સાવ નજીક અને સન્મુખ હજરાહજૂર થઈ. પોતાની જ મસ્તીમાં ચૂર, મદમસ્ત બનેલું એ જળપ્રાણી જોવાનો લ્હાવો નિઃશબ્દ બનીને અનિમેષ નજરે નિહાળતી રહી. વ્હેલ માછલીની ગતિ અને ઊછળકૂદને લીધે અમારી બૉટ પણ? લહેરાતી હતી. આ દ્રશ્ય જોયા પછી એમ? લાગ્યુ કે અમારો ફેરો સફળ થયો. એક અલભ્ય દ્રશ્ય હવે પછી જીવનમાં ફરીથી જોવાનો મળે કે ના મળે પણ જીવનમાં આવતી આવી એકએક પળને હૈયામાં વસાવીને બસ,જીવી લેવાનું.
અસ્તુ○○○○○ગ્રીષ્મા પંડ્યા ○○

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOC SS NO 166**
વિષયઃ- " મારી સહેલગાહ"
શિર્ષક :- "યાત્રા ધામનો આનંદ"
પ્રકાર :- પદ્ય. શબ્દો :- ૧૦૬

ઘરના સભ્યો સાથે કારમાં બેસીને,
જુનાગઢ વતને જવા હું નિકળ્યો છું.
નેશનલ હાઈવે થી તારાપુર થઈને,
રાજકોટના માર્ગે કારને હું હંકારૂં છું.

રસ્તામાં સ્વાદિષ્ટ ભોજન કરાવીને,
લીંબડી થી ચોટીલા હું પહોચ્યો છું,
ચામુંડા માં ના સૌને દર્શન કરાવીને,
ગોંડલ થઈ વીરપુર ધામે આવ્યો છું.

વિરપૂર જલારામને શીશ નમાવીને,
રાત્રે વતન જુનાગઢમાં પહોંચ્યો છું
રાત્રી મુકામ ગિરનાર તળેટીમાં કરીને,
સહેલ ગાહનો સોને આરામ કરાવું છું.

સવારે ઐતિહાસીક સ્થળો બતાવીને,
રોપ વે થી ગિરનારની સહેલ કરાવું છું,
સોમનાથ, માધવપુર અને પોરબંદરની,
મુલાકાત લઈ દ્વારિકામાં પહોચ્યો છું

દ્વારિકાધીશની ભાવથી આરતી કરીને,
અરબી સમુદ્રનો નઝારો સૌને દેખાડું છું,
ગ્રીષ્મમાં પણ સહેલ કરાવીને "મુરલી",
સહ પરિવાર સાથે મારે ઘર પહોચ્યો છું.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :158**
વિષયઃ મારી સહેલગાહ
શીર્ષકઃ સૌરાષ્ટ્ર તણી મારી સહેલગાહ
પ્રકારઃ પદ્ય શબ્દોઃ૯૦

સૌરાષ્ટ્ર તણી મારી સહેલગાહ યાદગાર,
કેમ ભુલાય ગરવો ગઢ ગીરનાર.!

જુનાગઢ બિરાજે ઊંચો ગઢ ગિરનાર,
ગુરુ ગોરખ અંબાજી ગૌમુખી શિખર.!

પર્વતની ધારે નવનાથ સિદ્ધચોરાસીના બેસણાં,
પરબ સતાધાર વીરપુર પાળીયાદને બગદાણા.!

ગીરી તળેટી કુંડ દામોદર નરસૈયાનું ધામ,
લીલી પરિક્રમા થાતી યાત્રાનું રૂડું ધામ.!

આપા ગીગા દાસી જીવણને બાપા જલારામ,
ટુકડો ત્યાં હરિ ઢુકડો સેવાના થતાં કામ.!

મોઢેરા સૂર્યમંદિર દ્વારીકા રૂડા ધામ,
ચોટીલા રૂડાં ચામુંડ માના ધામ?.!

નવા રણુંજા રૂડાં રામદેવપીરના ધામ,
નરનારી નમણું કરે આવે ત્યારે ધામ.!

'પ્રેમ' ભક્તિ શક્તિ ને જ્ઞાનનો થાય સમન્વય,
અતિથિ સત્કારી ભાવના પ્રેમ દયાને લાગણી.!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષયઃ-"મારી સહેલગાહ"★
★શિર્ષક;.★અમારી નક્કી લેક સફર★
★પ્રકારઃ- ગદ્ય - શબ્દઃ-૩૨૬★

આ અમારી નક્કી લેક સફર એટલે મારી અને શ્રીમતીજીની સાથેનો ૨૦૦૫નો પ્રસંગ છે. અમે અંબાજી અને આબુનો પ્રોગ્રામ બનાવ્યો હતો. ભાવનગરથી મા અંબાજીના દર્શન કરીને માઉન્ટ આબુ જવાનું હતું. ભાવનગરથી રાત્રે અમદાવાદ થઈને સવારે અંબાજી પહોંચી ગયા. તેજ દિવસે મા અંબાજીના દરબારમાં પૂજા અર્ચના કરી સાંજે માઉન્ટ આબુ પહોંચી ગયા. ત્યાં બેંકના હોળી ડે હોમમાં બુકીંગ હોવાથી આરામ કરી સાંજે ફરવા નીકળ્યા.

બીજે દિવસે સવારે જૈન મંદિર, રઘુનાથજીનું મંદિર વગેરે સ્થળે ફરીને ચારેક વાગે નકકી લેક આવ્યા. મેં મહિનાનો સમય હોવા છતાં નકકી લેક પર જરા પણ ગિરદી નહોતી, પૂછતાં ખબર પડી કે નકકી લેકની વચ્ચે જે ફુવારો છે એ રિપેરીંગમાં છે એટલે માણસોનું અત્યાર પૂરતું આકર્ષણ ઓછું થઈ ગયું છે. અમે આ તકનો લાભ લેવાનું નક્કી કરી એક હલેસવાળી હોડીમાં નકકી લેકમાં ફરતો આંટો મારવા બેઠા. નાવવાળો છોકરો આશરે પચીસેક વરસનો હતો.

અમારી નકકી લેકની સફર શરૂ થઈ, અધવચ્ચે ફુવારા નજીક પહોંચ્યા ત્યાં અચાનક રીપેરીંગ થતો ફુવારો ટેસ્ટિંગ માટે શરૂ થયો. અમારી ઉપર અચાનક ઠંડા પાણીનો ઉપરથી મારો થતા હું અને શ્રીમતીજી ગભરાય ગયા. પાણી નાવમાં પણ ભરાવા લાગ્યું હતું. એક ક્ષણ માટે નાવ વાળો છોકરો પણ ગભરાય ગયો. તેણે જોરથી કહ્યું, "સાહેબ, મેડમ તમે જ્યાં બેઠા છો ત્યાંજ બેસી રહેજો, આમ તેમ થશો તો નાવ નમીને ડૂબી જશે. હું ધીમે ધીમે ફુવારના પાણીમાંથી નાવને બહાર કાઢી લઉ છું." અમે ગભરાયેલા, ફુવારના ઠંડા પાણીથી પલળતા બેઠા રહ્યાં. એ સમય દરમ્યાન ફુવારનું ટેસ્ટિંગ પૂરું થતા એ પણ બંધ થઈ ગયો.

અમે હેમખેમ કિનારે પહોંચી ગયા. મનમાં હાશકારો થયો. મેં નાવવાળા છોકરાને ડબલ પૈસા આપ્યા. એ ગળગળો થઈ ગયો અને કહ્યું, "સાહેબ આપણે ખાસ કરીને તમે મોટા સંકટમાંથી બચી ગયા. નકકી લેકનું પાણી બહુ ઊંડું છે. હું તો તરીને નીકળી જાત"....તેણે છોડલા અધૂરાં શબ્દોથી મને તેના કહેવાનો અર્થ સમજાય ગયો. કારણ કે મને અને શ્રીમતીજી બે માંથી કોઈને તરતા આવડતું નહોતું.

આજે પણ આ પ્રસંગ યાદ આવે છે ત્યારે વગર ઠંડીએ અને પાણીએ શરીરમાં ધ્રુજારી દોડી જાય છે.

નરેન્દ્ર ત્રિવેદી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - મારી સહેલગાહ
શીર્ષક - મારો પરિવાર
પ્રકાર - પદ્ય
શબ્દો - ૯૪

વર્ષ પહેલાનું સંભારણું લઈ કલમ મારી? ચાલી..
હૈયું ઉછાળી ઉડી હતી આંખોમાં લાગણી ઝાલી..

દિકરાના ઘરે રહેવાનો પહેલો હતો અનુભવ.
હરખે? છલકાતાં હતા મારા? દિકરાને વહુ રાણી..

લંડન છે મજાનું, નહતું લાગતું ત્યાં અજાણ્યું..
રમણીયતા થી સર્જેલું, શિસ્તતા છે ત્યાં સારી..

સાથે રહેવાનો આનંદ જ હતો અનેરો..
નીતનવા પાર્કની સહેલગાહ માં કરતાં દિલને ખાલી..

લંડનની નવાબ શાહી માં
આભાર - નિહારીકા રવિયા કરતાં ભારતીય ભોજન..
મનગમતાં રસથાળ માં કરતાં પળની ઉજાણી..

દિકરી-જમાઈ સાથે જ્યારે ભેગો થાય છે પરિવાર.
લાડલા કબીરની મસ્તીમાં કરતાં ખુશીની લ્હાણી..

જીવન મળ્યું છે સારું ઉપકાર છે પ્રભુનો..
મનગમતાં પરિવાર સાથે કરીએ જીવતરની ઉજવણી..

છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO,- 162**
વિષય - મારી સહેલગાહ
શિષઁક - આફ્રિકા મસાયમારા ,
પ્રકાર - પધ. શબ્દ -૧૪૦
નામ- ??. રેખા નાકરાણી
નવી મુંબઈ .??

---

નાનો દીકરો વહું આફ્રિકા રહે
તારીખ-૧૯ - મે , ૨૦૧૯ નો દીવસ મારો આખો પરિવાર અમે બંન્ને ,દીકરી ,મોટો દીકરો વહુ તેનો નાનો વીવાન બે વષઁનો.
આફ્રિકા જવા રવાના થયા કેરી
ના પાંચ બોકસના કાફલા સાથે સાંજે પાંચ વાગ્યે કેનીયા ના નાયરોબી શહેરમા લેંડ થયા સામે આવેલ બે ગાડી સાથે દીકરો વહું, તેમના ઘરે પહોંચતા રાત થવા આવી તે જ દીવસે દીકરીનો બથઁડે હતો ૧૯ મે ના તેથી તેણે પાર્ટી રાખેલ સરપા?ઈઝ.
ફે?શ થઈ બધા પાર્ટી મા ગયા આખો પરિવાર પેલી વાર સાથે ખુબ આનંદ સાથે કેક ??કટ કરી. બીજા દીવસે બોટીંગ કરવા જવાનુ નકી કર્યું ખુબ મોટું મીઠા પાણીનું તળાવ બોટીંગ કર્યા બાદ હિપોપોટેમચનો નઝારો જોવાની ખુબ મજા આવી.
તા. ૨૧, આફ્રિકાનુ મોટુ જંગલ મસાયમારા જાતજાતના અને ભાતભાતના પશુ પક્ષીનો નઝારો
લા જવાબ અદભૂત અવણઁનીય
પોતાની મરજીથી ફરતાં ના કોઈ બીક કે ના કોઈ રોક ટોક મારી ગાડીને અડીને જ સિંહ વાઘ દીપડા જોવાનો અલગ અને અદભૂત નજારો મસાયમારા પ્રવેશ તા જ ઝિરાફનુ મોટુ ટોળુ દશ્યમાન થયુ શુ નજારો ક્યારેય જોયા ન હોય એવા પા?ણીઓ
મસાયમારાની વચોવચ ફાઈસ્ટાર હોટલ એમા અમે ત્રણ દીવસ હતા. રાત્રીનો નઝારો જોવા જેવો ખુબ સરસ પક્ષીઓના અવાજ એક પછી એક નોખા નોખા અવાજ કોઈ દીવસ સાંભળ્યા કે જોયા નો તા તેવા દિલ ખુશ કરી દે તેવુ કેનીયાનુ મસાયમારા જંગલ છે. અમે નાયરોબીના કિસુમુ સીટીમાં હતા એક મહિનો દીકરાને ઘરે .ખુબ મજા આવી મસાયમારાના પા?ણીઓ જોવાની પોતાની મરજી થી જીવી શકે છે બધા દેશમાં આવું પા?ણીઓ માટે જગા કરવી જોઈએપ

# અંગદાતા સ્વ.વેદની સ્મૃતિરૂપે ભાઈ વિઆન ભાવેશભાઈ ઝીંઝુવાડિયાની રક્તતુલા કરાઈ




## સાથમાં ૫૦૦ લોકોએ અંગદાન સંકલ્પ કર્યો, શાકાહાર પ્રચાર-પ્રસાર પણ કરાયો

પ્રજાપતિ સમાજના અગ્રણી તેમજ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સાથે જોડાયેલા ભાવેશભાઈ ઝીંઝુવાડિયા તથા શ્રીમતિ વિભૂતિબેન તથા સમગ્ર ઝીંઝુવાડિયા પરિવાર દ્વારા તેમના પુત્ર વેદ કે જેમનુ નાની વયમાં જ બ્રેન ડેડ થતાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના નિતીનભાઈ ઘાટલિયા ,ભાવનાબહેન મંડલી , ડો. દિવ્યેશ વિરોજા , ડો. સંકલ્પ વણઝારા , ડો. તેજસ કરમટા,મિતલ ખેતાણી અને વિક્રમ જૈન વિગેરે પ્રેરક બનતા અંગદાન કરવાનો સંકલ્પ કરાયો હતો, વેદની સ્મૃતિરૂપે તેના જ નાના ભાઈ વિઆનની રક્તતુલા કરવાની સાથે અનેક સેવા પ્રકલ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પ, શાકાહાર જન જાગૃતિ અભિયાન,અંગદાન જાગૃતિ અભિયાન, કુંડા અને ચકલીના માળાનું વિતરણ તેમજ વ્યસન મુક્તિ અભિયાન પણ આ નિમિત્તે યોજાયુ હતું. સાથમાં ૫૦૦ લોકોએ અંગદાન સંકલ્પ કર્યો હતો. શાકાહાર પ્રચાર-પ્રસાર પણ કરાયું હતું. રક્તતુલામાં ૭૭ બ્લડની બોટલ એકત્ર થઈ હતી જે સિવિલ હોસ્પિટલમાં અર્પણ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રવર્તમાન સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઈ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જિંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવનને બચાવવા નિમિત્ત બનવા માટે અપીલ કરવામાં આવી છે. આ પ્રેરક કાર્યક્રમમાં પૂર્વ સાંસદ ડો. વલ્લભભાઈ કથીરીયા, બ્રહ્માકુમારી અંજુ દીદી, મિતલભાઈ ખેતાણી, ડો. રાજેન્દ્ર ત્રિવેદી, રસિકભાઈ નડિયાદી, મનસુખભાઈ તલસાણીયા, નીતિનભાઈ ઘાટલીયા, વિનયભાઈ જસાણી, મનુભાઈ ગોહિલ, ઈશ્વરભાઈ ઘાટલીયા, યોગીનભાઈ છનીયારા, લલીતભાઈ વાડોલીયા, ગોરધનભાઈ કાપડિયા, દીપીકાબેન પ્રજાપતિ, સુધીરભાઈ છત્રાળા, ડો. ભાવેશ મોદી, ડો. અમિત પટેલ, ભાવનાબેન મંડલી, છગનભાઈ જાદવ, કિશોરભાઈ કુડલા વગેરે મહાનુભવો ઉપસ્થિત રહયાં હતા. આ સેવા કાર્યમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો પણ જોડાયા હતા.ઝીઝુવાડિયા પરિવાર અને સમસ્ત પ્રજાપતિ સમાજે લોકોને રકતદાન કરવા માટે પણ અપીલ કરી હતી. ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન રાજકોટ દ્વારા આ સેવા પ્રકલ્પોને બિરદાવી અને લોકોને અંગદાન જાગૃતિ વિષે માહિતગાર કર્યા હતા. રકતદાન કેમ્પ માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનયભાઈ જસાણી ની ટીમે જહેમત ઉઠાવી હતી.

# મોર્ડન માજી

રાતના આઠ વાગ્યે દરવાજો ખોલીને હાથમાં પર્સ ઝુલાવતા રત્નાબહેન ઘરમાં પ્રવેશ્યાં. એમના સાઠ વર્ષના વૃદ્ધ દેહ પર શોભતાં હતાં ગુલાબી કુર્તી અને જીન્સ, ડાઈથી રંગેલી લહેરાતી ઝુલ્ફો, માથે ચડાવેલા ગોગલ્સ, નેઈલ પોલિશ ને પાછા લાલી લિપસ્ટિક તો ખરાં જ. નિલય અને નીલિમા બંને એમની સામે તાકી રહ્યાં.




"વાઉ દાદી! યુ આર લૂકિંગ સો કુલ.." નાનકડો પ્રિયમ તાળી પાડીને બોલી ઉઠ્યો.
"બસ કુલ જ? હોટ નહીં? " રત્નાબહેને પ્રિયમ સામે આંખ મિચકારીને કહ્યું.
"મમ્મી, આ શું ધતિંગ માંડ્યા છે? આ ઉંમરે ભજન-કીર્તન કરવાને બદલે આવા નખરાં કરે છે તે સારું લાગે છે?" નિલય ગુસ્સે થઈ ગયો. નીલિમાએ એનો હાથ ખેંચીને શાંત પાડ્યો. રત્નાબહેન હળવું સ્મિત કરીને પોતાની રૂમમાં સરકી ગયાં.
રત્નાબહેનને શહેરમાં આવ્યે છએક માસ થયા હતાં ત્યાં તો શહેરની ઝાકમઝોળમાં એવાં રંગાયા હતાં કે આજકાલના યુવાનિયા એમની આગળ ઝાંખા પડી જાય. કાયમ ગુજરાતી સાડી પહેરતાં ને દેશી ભાષા બોલતાં રત્નાબહેને એમની રીતભાત અને વસ્ત્રોમાં આધુનિકતાને બખૂબીથી વણી લીધી હતી. એટલું જ નહીં એમના સંપર્કમાં આવતી આડોશપાડોશની ડોશીઓને પણ એમણે એમના રંગમાં રંગી હતી. એમની આગેવાનીમાં સોસાયટીના મહિલા મંડળમાં ભજનસંધ્યાને બદલે કીટી પાર્ટીઓ યોજાવા લાગી હતી. ઠાકોરજીના ભજનો ગવાતાં પણ નવી સ્ટાઈલમાં. સોસાયટીના રહીશો અને તમામ વૃદ્ધાઓના પરિજનો તેઓના આવા બદલાવથી ખૂબ પરેશાન હતાં. જુવાનિયા ફેશનના રવાડે ચડે એ તો સમજી શકાય પણ અહીં તો ઘરડી ઘોડીને લાલ લગામ કહેવત સાચી પડી હતી. આ બધા કારસ્તાન નિલયની મા રત્નાબહેનના નેજા હેઠળ થતાં હોઈ સોસાયટીના રહીશો નિલયને બહુ ફરિયાદો કરતા.

નિલય અને નીલિમા રત્નાબહેનથી તંગ આવી ગયેલાં. કોઈ વંઠેલ છોકરાને સીધે રસ્તે લાવવાનો હોય એમ રત્નાબહેનને સમજાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં નિલયે રત્નાબહેનના મોટા બેન ગિરિજામાસીને તાબડતોબ તેડાવ્યા. માસી હવે મમ્મીને બરાબર ઠપકો આપશે એવી નિલય અને નીલિમાની આશા ઉપર બે જ દિવસમાં પાણી ફરી ગયું. ઉલટાનું ગિરિજામાસી રત્નાબહેનના જ પાટલે બેસી ગયાં.
"માસી, તમને અહીં મારી મમ્મીનેસમજાવવા માટે તેડી લાવ્યો હતો અને તમે પણ મમ્મીની જેમ..! " એક દિવસ મોકો જોઈને નિલયે માસી આગળ બળાપો ઠાલવ્યો. નીલિમા પણ ત્યાં હાજર હતી."નિલય બેટા! તને ખબર છે તારી મમ્મીએ આખી જિંદગી કેવાં કેવાં સંઘર્ષો વેઠ્યા છે? તારા પપ્પા ગુજરી ગયા ત્યારે તું સાવ નાનો હતો. ઓછું ભણેલી રત્નાએ નાનીમોટી નોકરીઓ કરી. લોકોના જાતજાતનાં મહેણાં સહન કર્યાં. તને ભણાવી ગણાવીને લાયક બનાવ્યો. તારી પાછળ એણે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું. બદલામાં તેં એને શું આપ્યું? તારી મમ્મીને જણાવ્યા વગર તેં નીલિમા સાથે પ્રેમલગ્ન કર્યાં ત્યારે એ અંદરથી સાવ તૂટી ગયેલી. એને દુઃખ એ વાતનું

## મ્યુનિ.તંત્રની કોન્ટ્રાકટર સામે કાર્યવાહી,બાંધકામ સાઈટનો કચરો મ્યુ.પ્લોટમાં નાંખનારા ત્રણ કોન્ટ્રાકટરને પેનલ્ટી



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં બાંધકામ સાઈટનો કચરો નાંખી ગંદકી કરનારા ત્રણ કોન્ટ્રાકટરને પેનલ્ટી ભરવા સોલિડ વેસ્ટ વિભાગ તરફથી નોટિસ ફટકારાઈ છે.જોધપુર વોર્ડમાં વ્હાઈટ ટોપીંગ રોડના કોન્ટ્રાકટર બી.આર.ગોયેલને સૌથી વધુ રુપિયા પાંચ લાખની પેનલ્ટી ફટકારાઈ છે.

મ્યુનિ.ના ઈજનેર (પ્રોજેકટ) વિભાગ તરફથી કોન્ટ્રાકટર બી.આર.ગોયેલને રાહુલ ટાવર ચાર રસ્તાથી ઓમ ટાવર તથા અશ્વમેઘ ચાર રસ્તાથી ઓમકારેશ્વર મંદિર સુધી વ્હાઈટ ટોપીંગ રોડ બનાવવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે.રોડ બનાવવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાકટર દ્વારા માટી,પુરણી,રોડાં સહિત નીકળેલો કચરો કનસ્ટ્રકશન એન્ડ ડેબરીઝ માટે નકકી કરવામાં આવેલી સાઈટ ઉપર નાંખવાના બદલે મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં નાંખી ગંદકી કરી હતી.સરખેજ વિસ્તારમાં કોન્ટ્રાકટર નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા પાંચા તળાવની સામે આવેલા મ્યુનિ.ના ખુલ્લા પ્લોટમાં બાંધકામ સાઈટમાંથી નીકળેલ કચરો ફેંકી ગંદકી કરતા રુપિયા બે લાખ પેનલ્ટી ભરવા મ્યુનિ.તંત્રે નોટિસ ફટકારી છે.મકતમપુરા વોર્ડમાં ટી.પી.-૮૫ની ફુટપાથ અને કવ'ગની કામગીરી દરમિયાન નીકળેલ વેસ્ટનો નિકાલ કરવાના બદલે મુકી રાખી ગંદકી કરતા રુપિયા એક લાખની પેનલ્ટી ભરવા સોલિડ વેસ્ટ વિભાગે નોટિસ આપી છે.

## નડિયાદમાં રિંગરોડને જોડતા રસ્તાનું કામ ગોકળગતિએ ચાલતા ભારે રોષ



નડિયાદ : નડિયાદના બારકોશિયાથી નવા બિલોદરા રિંગ રોડને જોડતો રસ્તો છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં હતો. મુખ્યમંત્રી સડક યોજના હેઠળ મંજુર થયેલા આ રોડનું કામ પૂર્ણ કરવાની મુદતને આડે એક મહિના જેટલો સમય બાકી છે. ત્યારે ચોમાસા પહેલા ડામર રોડનું કામ પૂર્ણ કરવા નગરજનોમાંથી માંગ ઉઠી છે.નડિયાદના બારકોશિયાથી નવા બિલોદરા રિંગ રોડને જોડતો રસ્તો ઘણા સમયથી બિસ્માર હતો. જેથી મુખ્યમંત્રી સડક યોજના હેઠળ અઢી કરોડ રૂપિયાના ખર્ચે રોડનું કામ મંજુર કરવામાં આવ્યું છે. જે પૈકી આરસીસી રોડનું કામ પૂરું કરવામાં આવ્યું છે. ડામર રોડનું કામ તા.૧૪ જુલાઈ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની મુદત દર્શાવવામાં આવી છે. હાલમાં મેટલિંગની કામગીરી ગોકળ ગતિએ ચાલી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે ચોમાસા પહેલા કામ પૂર્ણ થશે કે કેમ તેને લઈ પ્રજામાં તર્ક વિતર્કો થઈ રહ્યા છે.ઉપરાંત આ રોડ વચ્ચેની વીજ લાઈન થાંભલા ખસેડવા સત્તાધીશો દ્વારા તા.૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રૂ.૩૮,૨૦,૨૯૭ વીજ કંપનીમાં ભરવામાં આવ્યા છે. જેને પાંચ માસ જેટલો સમય વિતવા છતાં હજુ સુધી વીજ લાઈન ખસેડવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.ત્યારે ચોમાસા પહેલા ડામર રોડનું કામ પૂરું કરવામાં આવે તેવી નગરજનોમાંથી માંગ ઉઠી છે.

## અમદાવાદમા રખડતા ઢોરને લઈ મનપાની કાર્યવાહી, ૮ માસમાં ૧૨ હજાર ઢોર પકડયા

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં રખડતા ઢોરને લઈને મનપાએ મોટી કાર્યવાહી કરી છે. રખડતા ઢોરથી લોકોને ગંભીર નુકસાન અને મોત થવા મામલાની ફરિયાદ ઉઠતા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું. હાઈકોર્ટની ફટકાર બાદ મનપાએ ઢોર નિયંત્રણ કાર્યવાહી તેજ કરી. કોર્ટની ફટકાર બાદ છસ્ઝ્રએ મોટી કાર્યવાહી કરતા ૮ માસમાં ૧૨ હજાર ઢોર પકડયા અને શહેરની હદ બહાર મૂકયા.

એએમસીએ રખડતા ઢોર મામલે ચાંદખેડા,ઓઢવ અને ગોતામાં કેટલ પોન્ડ બનાવવાની યોજના બનાવી છે. તેમજ રખડતા ઢોરને પકડવાની કામગીરી અવરોધવા બદલ ૨૨૬ પશુપાલકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. શહેરમાં રખડતા ઢોરોના ત્રાસ વધતા લોકોમાં અસરકારક કાર્યવાહીને લઈને માંગ ઉઠી હતી. જે સંદર્ભે સરકારે શહેરમાં રખડતા ઢોર નિયંત્રણ પોલીસી લાવવા અંગે એએમસીએ વિચારણા હાથ ધરી હતી. વર્ષ ૨૦૨૨માં મહાનગરોમાં રખડતા ઢોર અંગે કાર્યવાહી શરૂ કરતા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત શહેરમાં પશુપાલન પર પ્રતિબંધ મૂકાયો.

નોંધનીય છે કે ૨૦૧૮-૧૯થી રખડતા ઢોરનો મુદ્દો ચર્ચામાં છે. રખડતા ઢોરથી નાગરિકોના મોત થયા બાદ આ મામલે કડક કાનૂન લાવવા અંગે વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના ઢોર નિયંત્રણ પોલીસી લાગુ કરવામાં આવી. ઓગસ્ટ-૨૦૨૩માં રાજ્ય સરકારે રખડતા ઢોર મામલે નવી ગાઈડ લાઈન જાહેર કરી હતી.

# ગરમીનો પ્રકોપ વધ્યો : આણંદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર



આણંદ : છેલ્લા ચાર દિવસથી સમગ્ર ગુજરાત રાજ્ય સહિત આણંદ જિલ્લામાં પણ ગરમીએ કાળો કહેર વર્તાવ્યો છે. આજે સોમવારે પણ બપોરના સુમારે મહત્તમ તાપમાનનો પારો ૪૫ ડી.સે.ની આસપાસ રહેતા જિલ્લાવાસીઓ કાળઝાળ ગરમીમાં શેકાયા હતા. હજી આગામી પાંચ દિવસ ગરમીમાંથી ખાસ રાહત નહીં મળે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.સમગ્ર આણંદ જિલ્લામાં આકરી ગરમી વચ્ચે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. ગરમીના કારણે જિલ્લાવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. છેલ્લા ત્રણ દિવસથી આણંદ જિલ્લામાં બપોરના સુમારે ગરમીનો પારો ૪૫ ડી.સે. સુધી પહોંચી જાય છે. જિલ્લામાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળતા સામાન્ય જનજીવન ઉપર વ્યાપક અસર જોવા મળી રહી છે. બપોરના સુમારે વિવિધ રાજમાર્ગો સૂમસામ ભાસી રહ્યાં છે. ગરમીના કારણે પશુ-પંખી ઉપર પણ વિપરીત અસર પહોંચી છે. કાળઝાળ ગરમીના કારણે હીટ સ્ટ્રોકના બનાવોમાં પણ વધારો નોંધાયો છે. સાથે સાથે પેટમાં દુઃખાવા સહિતની ફરિયાદોના દર્દીઓ પણ વધ્યા છે. આણંદ શહેરની જનરલ હોસ્પિટલમાં ગરમીના કારણે દર્દીઓની સંખ્યા વધવા પામી છે. આકરી ગરમી સામે રક્ષણ મેળવવા માટે લોકો આઈસ્ક્રીમ, ઠંડા પીણા, આઈસગોલા સહિતની ચીજવસ્તુઓનો સહારો લઈ રહ્યાં છે. તો બીજી તરફ બપોરના સુમારે અગત્યના કામકાજથી બહાર નીકળતા ટુવ્હીલર ચાલકોને ફરજીયાતપણે માસ્ક, ટોપી, બુકાની પહેરવાનો વારો આવ્યો છે. આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સોમવાર બપોરના સુમારે મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડી.સે.ની આસપાસ નોંધાયો હતો. આગામી પાંચ દિવસ માટે આણંદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જેથી હજી પણ જિલ્લાવાસીઓએ કાળઝાળ ગરમીનો સામનો કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા આણંદ જિલ્લામાં આગામી તા.૨૪મી સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. આગામી પાંચ દિવસ સુધી ૪૩ ડિગ્રીથી ૪૫ ડિગ્રી વચ્ચે તાપમાન રહેવાની શક્યતા છે. જેને લઈ આગામી પાંચ દિવસ નાગરિકોને કારણ વિના ગરમીમાં બહાર ન જવા અને વધુમાં વધુ પાણી પી હિટ સ્ટ્રોકથી બચવા માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. છેલ્લા એક સપ્તાહથી આણંદ જિલ્લામાં ઉનાળો આકરો બન્યો છે અને હવામાન વિભાગ દ્વારા આજે આણંદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાતા ગરમીનું પ્રમાણ હજી વધવાની શક્યતા છે. કાળઝાળ ગરમી વચ્ચે ગત સપ્તાહે આણંદ જિલ્લામાં હાઈ ફીવરના કુલ-૯ કેસ નોંધાયા છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી ગરમીના કારણે ૧૦૮ સેવાને મળતા કોલમાં વધારો નોંધાયો છે.

## ફલાયઓવરની કામગીરીના પગલે આરટીઓ સર્કલથી શાસ્ત્રીનગર સુધીનો રોડ મોટા વાહનો માટે બંધ રહેશે



ભાવનગર : શહેરમાં ફલાયઓવરની કામગીરીના પગલે આરટીઓ સર્કલથી શાસ્ત્રીનગર સુધીનો રોડ મોટા વાહનો માટે બંધ રહેશે. રોડ પર અકસ્માત ન થાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય રહે તે માટે ડાયવર્ઝન અપાયુ છે.

ભાવનગર શહેરમાં ભાવનગર-રાજકોટ હાઈવે પર દેસાઈનગર પેટ્રોલ પંપથી આર.ટી.ઓ. સર્કલ સુધી ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ પ્રગતિમાં છે, જેમાં હાલ શાસ્ત્રીનગરથી આર.ટી.ઓ. સર્કલ સુધી એપ્રોચ માટે આર.ઈ.પેનલ તથા સુપર સ્ટ્રકચરની કામગીરી શરૂ છે. ફલાયઓવરના સુપર સ્ટ્રકચરનાં કામ દરમિયાન સ્ટેજીંગની કામગીરી શરૂ કરવાની હોવાથી સદર રસ્તો સાંકડો હોવાના કારણે ટ્રાફીકની સમસ્યા ઉદભવે છે તેમજ આ રસ્તા પર કોમ્પલેક્ષ તથા હોસ્પિટલ હોવાના કારણે અકસ્માત થવાની સંભાવના રહેલી છે, જેથી આ રૂટ પર કોઈ અકસ્માત ન થાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય રહે તે માટે ભાવનગર શહેરનાં શાસ્ત્રીનગરથી આર.ટી.ઓ. સર્કલ તરફ જતા રસ્તા/રૂટ પર જણાવેલ રસ્તા પર તા. ૧૬ મે ૨૦૨૪ થી આગામી તા. ૨૯ ઓકટોબર-૨૦૨૪ સુધી તમામ ભારે વાહનોની અવર-જવર માટે સંપુર્ણપણે બંધ કરવા તેમજ ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા નાયબ કમિશ્નર (એડમીન), મહાનગરપાલીકા, ભાવનગરની દરખાસ્ત રજુ થયેલ છે, જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા આવતીકાલ તા. ૨૧ મે ૨૦૨૪ થી આગામી તા. ૧૯ જૂન ૨૦૨૪ સુધી આર.ટી.ઓ.સર્કલથી શાસ્ત્રીનગર તરફ જતા રસ્તા/રૂટ પર તમામ ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ રસ્તાઓ પરથી પસાર થતા ભારે વાહનોને તે રસ્તા પર ન જતા ડાયવર્ઝન રૂટ તરીકે નિલમબાગથી ડાયાભાઈ ચોક થઈ જવેલ્સ સર્કલથી આર.ટી.ઓ. તરફ જવાનું રહેશે તેમજ વિજયરાજનગર જૈન દેરાસરથી વિજયરાજનગર સર્કલથી ડાયાભાઈ ચોકથી જવેલ્સ સર્કલ તરફ જવાનું રહેશે. આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને સામે પગલા લેવામાં આવશે.

## ડભાણ ગ્રામ પંચાયતના તલાટી ૨ હજારની લાંચ લેતા ઝડપાયો

નડિયાદ : પૈસાના લોભે એક તલાટીને નોકરી જોખમમાં મુકાવી છે. માત્ર ૬ મહિના પહેલા નિમણૂક પામેલા એક તલાટીએ લગ્ન રજીસ્ટર કરવા માટે અરજદાર પાસે ૪ હજાર રૂપિયાની માંગણી કરી હતી અને માથાકૂટના અંતે અરજદાર પાસે ૨ હજાર રૂપિયા લેવાના નક્કી કર્યા હતા. ગુજરાત સરકારે ૬ માસ પહેલા તલાટી કમ મંત્રીની ભરતીની જાહેરાત કરી હતી અને પરીક્ષાઓ યોજાયા બાદ તેમાં ઉર્તીણ થયેલા ઉમેદવારોને જે-તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીની નિમણૂકો આપી હતી. આ ભરતીમાં ખેડા જિલ્લામાં ૧૪૧ નવા તલાટી કમ મંત્રી નિમાયા હતા. જે પૈકી ડભાણ ગ્રામ પંચાયતમાં વિશાલકુમાર કાંતીભાઈ સોલંકીની નિમણૂક કરાઈ હતી. હજુ તો આ તલાટીએ રાજ્ય સરકારનો ૬ મહિનાનો પગાર પણ માંડ લીધો હતો. આ વચ્ચે પૈસાના લોભના કારણે તલાટી વિશાલકુમારે પોતાની ગ્રામ પંચાયતમાં લગ્ન રજીસ્ટર કરવા આવેલા એક અરજદાર પાસે ૪ હજાર રૂપિયાની માંગણી કરી હતી. જોકે, અરજદાર અને તલાટી વચ્ચે રકઝકના અંતે ૨ હજાર રૂપિયા નક્કી થયા હતા. અરજદાર આ ૨ હજાર રૂપિયાની લાંચ પણ આપવા માંગતા ન હતા.

## મ્યુનિ.દ્વારા અપાતા પાણીના ૮૬ સેમ્પલ અનફીટ, અમદાવાદમાં ૧૮ દિવસમાં ઝાડા ઉલટીના ૧૦૭૮,ટાઈફોઈડના ૩૦૦ કેસ નોંધાયા

અમદાવાદ

અમદાવાદનુ મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી સેલ્સિયસ ઉપર પહોંચ્યુ છે.મે મહિનાના આરંભથી શહેરીજનો કાળઝાળ ગરમીનો અનુભવ કરી રહયા છે.૧૮ દિવસમાં ઝાડા ઉલટીના ૧૦૭૮ તથા ટાઈફોઈડના ૩૦૦ કેસ નોંધાયા છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરુ પાડવામાં આવતા પાણીના ૮૬ સેમ્પલ અનફીટ જાહેર કરાયા છે.રામોલ-હાથીજણ ઉપરાંત દાણીલીમડા, લાંભા,ભાઈપુરા, ઈન્દ્રપુરી તેમજ વસ્ત્રાલ,જમાલપુર, ખોખરા,સરખેજ, વટવા તથા અમરાઈવાડી વોર્ડમાં આ મહિનામાં કોલેરાના કુલ ૨૪ કેસ નોંધાયા છે.શહેરના મહત્તમ તાપમાનમાં સતત વધારો થઈ રહયો છે.આજથી પાંચ દિવસમાટે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જારી કરવામાં આવ્યુ છે. ગરમી વધવાના કારણે પાણીજન્ય રોગના કેસની સંખ્યામાં પણ વધારો થયો છે.ઝાડા ઉલટીની સાથે કમળાના ૧૦૭ કેસ નોંધાયા છે. કોલેરાના વધતા કેસ મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય વિભાગ માટે પણ ચિંતાનો વિષય બન્યા છે.મે મહિનાનાઆરંભે અમદાવાદ પૂર્વના વોર્ડ વિસ્તારમાં કોલેરાના કેસ નોંધાયા હતા. મહિનાના ત્રીજા સપ્તાહમાં મધ્યઝોનમાં આવેલા જમાલપુર તથા દક્ષિણઝોનમાં આવેલા ખોખરા તેમજ દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા સરખેજ વોર્ડમાં પણ કોલેરાના કેસ નોંધાયા છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરા પાડવામા આવતા પાણીમાં કલોરીનનુ પ્રમાણ છે કે કેમ? એ બાબતની ચકાસણી કરવા માટે મે મહિનામાં સમગ્ર શહેરમાંથી કુલ ૧૦૧૮૯ પાણીના સેમ્પલ રેસીડેન્શિયલ કલોરીન ટેસ્ટ માટે લેવામાં આવ્યા હતા.આ પૈકી ૪૪૬ સેમ્પલનો કલોરીન રીપોર્ટ નીલ આવ્યો છે.બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટે કુલ મળીને ૨૯૫૬ સેમ્પલ પાણીના લેવામાં આવ્યા હતા. આ પૈકી પાણીના ૮૬ સેમ્પલ અનફીટ જાહેર કરવામાં આવ્યા છે.મચ્છરજન્ય એવા ડેન્ગ્યૂના ૪૪ તથા મેલેરિયાના ૨૬ કેસ નોંધાયા હતા.શહેરના સાત ઝોનમાં સીઝનલફલુના ૮ કેસ નોંધાયા હતા.

## આણંદમાં જૂના વીજ મીટર લગાવી આપવાની માંગણી સાથે હોબાળો

આણંદ : રાજ્યમાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ પ્રિપેઈડ મીટર લાગવવાની કામગીરીનો ઠેર ઠેર વિરોધ જોવા મળ્યા બાદ વીજ કંપની દ્વારા હાલ પૂરતું સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી મોકૂફ રાખવામાં આવી છે. જો કે, આણંદ શહેરના શાસ્ત્રી સબ-ડિવીઝનમાં આવતા કેટલાક વિસ્તારોમાં નાખવામાં આવેલા સ્માર્ટ મીટરને લઈ કેટલાક ગ્રાહકોએ સોમવારે આણંદ એમજીવીસીએલની કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો. મહિલાઓએ વીજ કંપનીના અધિકારીઓને સ્માર્ટ મીટરના બદલે તેમના જૂના મીટર નાંખી આપવા માંગ કરી હતી.

એમજીવીસીએલ દ્વારા આણંદ શહેરના શાસ્ત્રી સબ-ડિવીઝનમાં આવતા ૬ વિસ્તારના ૩૩ હજાર વીજ ધારકોના સર્વેની કામગીરી પૂર્ણ કર્યા બાદ પ્રથમ તબક્કામાં જીટોડીયા રોડ, ગોપી ટોકીઝ, મંગળપુરા રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં પ્રથમ તબક્કામાં દસ હજારથી વધુ ઘરોમાં સ્માર્ટ મીટર લાગવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આણંદના લોટીયા ભાગોળ, કપાસીયા બજાર, ટાવર બજાર સહિતના વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ મીટરનો વિરોધ જોવા મળ્યો હતો. જેને લઈ એમજીવીસીએલ દ્વારા સોમવારથી સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લાગવવાની કામગીરી બંધ કરવામાં આવી છે. જો કે બીજી તરફ જે વીજધારકોને ત્યાં સ્માર્ટ મીટર નાંખવામાં આવ્યા છે

## અમદાવાદમાં હીટવેવના કારણે લૂ, ઝાડા ઉલ્ટીના કેસમાં વધારો, ૧૦૮ને મળ્યા ૪ હજારથી વધુ કોલ્સ

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આગ વરસાવતી ગરમી વચ્ચે સ્થાનિકો પરેશાન બન્યા છે. અમદાવાદમાં આજે મહત્તમ ૪૫ ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચ્યો છે. તો ગરમી વધતી હીટવેવને કારણે લૂ લાગવાના અને ઝાડા- ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. મે મહિનામાં ૧૮ દિવસોમાં અમદાવાદમાં ૧૦૮ને ૪ હજાર ૧૩૧ કોલ મળ્યા છે. કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૨૧૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. સૌથી વધુ ૮ મે ના ૧૦૮ને ૨૮૬ કોલ મળ્યા હતા.




રાજ્યવાસીઓને આગામી ૬ દિવસ તો ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે. અમદાવાદમાં આજનું મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીએ પહોંચ્યુ છે. ૨૦મી મેએ મહત્તમ પારો ૪૪ ડિગ્રીએ જઈ શકે છે. ૨૧ મે એ અમદાવાદમાં ૪૫ ડિગ્રી તાપમાન પહોંચી શકે છે. ૨૨ મે થી ૨૪ મે સુધી અમદાવાદમાં ૪૪ ડિગ્રી તાપમાન રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આ તરફ હીટવેવને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલને જણાવ્યુ કે હીટવેવથી બચવા જરૂરી પગલા લેવા માટેની સૂચના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે. તથા તમામને સાવચેત રહેવા પણ સૂચના આપવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.